# સરકારી માણસ

આજકાલ મોટાભાગનું યુવાધન તૈયારીઓમાં લાગેલું જોવા મળશે. શેની તૈયારી કરો છો એમ પૂછો તો તરત જવાબ આપશે, કે મેં ફલાણી જગ્યા માટે ફોર્મ ભર્યું છે. કેટલાક એવા પણ જોવા મળશે જેઓ હજી ફોર્મ જ ભર્યું હોય એમાં એ અધિકારી જેવો રોફ મારતા હોય. હું કલેકટર કે મામલતદાર થવાનો છું, ફોર્મ ભર્યું છે... હવે એમને કોણ સમજાવે કે ભાઈ એમ ફોર્મ ભરે સપના સાકાર ના થઈ જાય એ માટે મહેનત કરવી પડે. ચોટલી બાંધીને વાંચવું પડે.

હમણાં દિવાળી પહેલાની વાત છે. હું એક દુકાનમાં મોબાઈલ ફોન જોઈ રહી હતી. અચાનક કોઈ દુકાનદાર સાથે ઊંચા અવાજે વાત કરતું હોય એમ લાગ્યું અને મારું ત્યાં ધ્યાન ગયું. એક યુવાન ગ્રાહક ફોનનો ભાવ ઓછો કરવા કહી રહ્યો હતો, ‘‘આજે સાદા કપડામાં આવ્યો છું કાલે વર્દીમાં આવીશ એટલે સામેથી અડધી કિંમતે ફોન અપાવો પડશે!’’ દુકાનદારે શાંતિથી સમજાવ્યું કે, ‘‘શક્ય હતું એટલું ઓછું કરી આપ્યું હવે આનાથી એક રૂપિયો પણ ઓછો નહિ થાય.’’ એ છોકરો કોઈ રીતે માનવા તૈયાર જ ન હતો. એને એ ફોન ખરીદવો હતો અને એ પણ એ જે કિંમત નક્કી કરે તે જ ભાવે...દુકાનદાર રાજી ના થયા એટલે ધમકી આપવા સુધી એ ઉતરી આવ્યો. મને વાંધો એ યુવાનની ધમકી ઉપર પડ્યો. તમે કોઈ સરકારી ખાતામાં ફરજ બજાવો છો, સરકાર તમારા હાથમાં સત્તા સોંપે છે, પાવર આપે છે તો એનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવો એના પાઠ ભણાવવા કોઈ અલગ ક્લાસિસ ખોલવા પડશે?

એક બીજો કિસ્સો પણ આવો જ છે. એક છોકરી



લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

મીઠાઈની દુકાને આવી અને ઓર્ડર આપ્યો. દુકાનદારે એને જોઈતી મીઠાઈ પેક કરી આપી અને બિલ આપ્યું એટલે છોકરી કહે, ‘‘હું ફલાણા ખાતામાં જોબ કરું છું.× ભાઈ કહે, ‘‘સરસ, અભિનંદન.× એ છોકરી આંખો ફાડીને કહે, ‘‘તમે સમજતા નથી, હું ફલાણી પોસ્ટ ઉપર છું.× એ વડીલભાઈએ એમનો મીઠાઈ વાળો હાથ રૂમાલથી લૂછતાં કહ્યું, ‘‘મને કંઈ નથી સમજાતું, તમે જ સમજાવો.× તરત એ છોકરી કહે, ‘‘તમારે મને ડિસ્કાઉન્ટ આપવું પડે.× એ ભાઈએ હસીને ઉપરના જે છુટ્ટા રૂપિયા થતાં હતા એ જતા કર્યા એટલે છોકરી રાજી થઈ અને બાકીના રૂપિયા ચૂકવ્યા. મેં એ છોકરીને કહ્યું, ‘‘આ સામે જ સીસીટીવી કેમેરા લાગેલા છે એની નીચે આવી વાત કરતા તમને સંકોચ નથી થતો.× મેં જાણે કોઈ મોટી જૉક મારી હોય એમ હસીને એ ચાલી ગઈ.

એ બનાવ જ મારા આજના આ લેખ માટે જવાબદાર છે. તમે જુવાનિયા ઘણી મહેનત કરો છો, અભિમન્યુની જેમ સાત કોઠા પાર કરી આ હાલના લેવલે પહોંચ્યા છો તો એની જરાક ઈજ્જત કરતા પણ શીખવું રહ્યું. જે પદ તમને મળ્યું છે એના પાવરનો ઉપયોગ કરી કોઈ સારું કામ કરી દેખાડો ને. લોકોના મનમાં તમારા માટે આદર અને વિશ્વાસ જગાડો પછી જુઓ હું ફલાણી જગ્યાએ કામ કરું છું એવી તમારી ઓળખ તમારે જાતે આપવાની જરૂર નહિ પડે

ગાંધીનગર એટલે અધિકારીઓની નગરી. અહીં જૂના શહેરીજનોમાંથી કોઈક જ એવું હશે જેના ઘરમાંથી કોઈ ને કોઈ સરકારી ખાતામાં કામ ના કરતું હોય. ઓળખાણ કાઢવી જ હોય તો ગમે તે ખાતામાં નીકળી આવે એટલે હું ફલાણા ખાતામાં નોકરી કરું છું એમ કહી કોઈને દબડાવવું ખોટું. તમારી સામે બેઠેલા એકદમ શાંત જણાતા વડીલ કયા કયા ખાતામાં કેવી કેવી ઓળખાણ લઈ બેઠા હોય એ તમને ત્યારે નહિ જણાવે પણ વિવેક ચૂક્યા તો પરિણામ ભોગવવું પડી શકે છે.

હજી યુવાન છો, નવા નવા નોકરીએ લાગ્યા છો તો તમારી બુદ્ધિ પ્રમાણેનું કોઈ સરસ કામ કરી દેખાડો ને. એક એક જગ્યા માટે આજે લાખો યુવાનો નંબર લગાવીને ઊભા હોય છે, વિધાતાએ જે પદ તમારા ભાગ્યમાં લખી આપ્યું છે એની જરાક તો ગરિમા જાળવો. તમારા કામ જ તમને આજે છો એનાથી ક્યાંય ઉપર લઈ જશે અને એ જ નીચે પણ લાવી શકે.

**અમસ્તું,**


લોકો તમારાથી ગભરાઈને શા માટે રહે એ તમારી હાજરીમાં વધારે સુરક્ષિત, આનંદિત અનુભવ કરે એવું ના બની શકે?

# રાંધેજા ખાતે વિદ્યાપીઠ દ્વારા વિશ્વ એઈડ્સ પ્રતિકાર દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

૧ ડિસેમ્બર – વિશ્વ એઈડ્સ દિવસ તરીકે જાણીતો છે. ૧૯૮૮ થી સ્થાપીત વિશ્વ એઈડ્સ દિવસ એ વિશ્વનો પ્રથમ ગ્લોબલ હેલ્થ ડે હતો. જેનો મુખ્ય ઉદેશ્ય વિશ્વ વ્યાપી લોકો માટે એચ.આઈ.વી. સામેની લડતમાં એક થવાની, એચ.આઈ.વી. થી જીવતા લોકોનું સમર્થન બતાવવા અને એઈડ્સ થી મૃત્યુ પામેલા લોકોનું સ્મરણ કરવાની તક છે.

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ગ્રામ કેન્દ્રમાં વિશ્વ એઈડ્સ પ્રતિકાર દિવસની ઉજવણી આજે રાખવામાં આવેલ. જેમાં - યુવાનો અને એઈડ્સ પ્રતિકાર, વિષય પર જાણીતા સમાજશાસ્ત્રી, પ્રાધ્યાપક ડૉ.ગૌરાંગ જાની નું વ્યાખ્યાન વર્ચ્યુઅલ ક્લાસરૂમમાં આયોજિત કરવામાં આવેલ. તેમણે જણાવ્યું કે એચ.આઈ.વી. અને એઈડ્સ બંને જુદી બાબતો છે. જે લોકો અસુરક્ષિત જાતિય સંબંધ રાખે છે તેનાથી માત્ર ૧.૫ ટકા લોકોને જ ચેપ લાગવાની શક્યતા છે. તેમ છતાં ભારતમાં ૮૬ ટકા લોકોને આ કારણે એઈડ્સ થાય છે. લોકોને આ





અંગે જાણકારી નથી. તેમણે એચ.આઈ.વી./ એઈડ્સ થી બચવા માટે ABCD આપી છે. છએટલે સેક્સથી અલગ રહેવું. B એટલે Be Faithful બનો. જીવનસાથી સાથે વિશ્વાસ રાખો. C એટલે Condomનો ઉપયોગ કરો અને જો આમ ન કરવું હોય તો D એટલે Death મૃત્યું તરફ આગળ વધવાનું થાય.

એઈડ્સ એ મેડિકલ સાયન્સનો વિષય છે પણ સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓને કેમ રસ પડે ? કારણ કે તે વર્તન સંબંધ તપાસે છે. પ્રતિજ્ઞા લેવાથી એઈડ્સ નથી અટકવાનો, વર્તન બદલવાથી અટકાવી શકાશે. અમદાવાદની સેક્સવર્કર બહેનોએ એક સૂત્ર આપ્યું છે- અમે કર્યો એઈડ્સ પ્રતિકાર, ત્યારે સુખી રહ્યો સહુનો સંસાર. આ અંગે ચુંવાળ વિકાસ ટ્રસ્ટ ની કામગીરી સારી છે. દક્ષાબેન પટેલ, સુરત કે જેઓ એચ.આઈ.વી. પોઝિટીવ હોવાનું પોતે જાહેર કર્યુ અને સમાજમાં જાગૃતિ પ્રસરાવવામાં તેમનું સંગઠન કાર્યરત છે. રેડ રીબન અંગે જણાવે છે કે તેનો લાલ રંગ એટલા માટે છે કે જે લોહી સાથે સંબંધ ધરાવે છે. બીજુ કે ગુસ્સો દર્શાવે છે. આપણે કેમ એઈડ્સ દુર કરી શક્યા નથી કે તેની વેક્સીન શોધી શક્યા નથી ? અને ત્રીજુ કે જે એચ.આઈ.વી. ગ્રસ્ત લોકો છે તેના માટે પ્રેમ અને હુંફ નો રંગ પણ લાલ છે. આપણે સહુ એક થઈ જવાબદારી વહેંચીશું તો જરૂર એઈડ્સ થી મુક્ત થશે દુનિયા. ગૂજરાત વિદ્યાપીઠ , રાંધેજા ના સંયોજકશ્રી ડૉ.રાજીવ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમ આયોજિત કરાયેલ. રા.સે.યો. ના સંયોજકશ્રી ડૉ. અરૂણ ગાંધી ઉપસ્થીત રહેલ. રા.સે.યો. ના કાર્યક્રમ અધિકારી ડૉ.હસમુખ પંચાલ અને ડૉ.લોકેશ જૈન દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ,ખાતે વિશ્વ એઈડ્મ દિવસ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨

મહાદેવ દે સાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ સો દ રા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા એક વિશિષ્ટ વેબિનારના આયોજન દ્વારા યુવાન વિદ્યાર્થીઓમાં ૧ ડિસેમ્બર વિશ્વ એઈડસ‘ જાગૃતિ દિવસ અંતર્ગત એઈસ મહામારી અંગે સભાનતા કેળવાય અને સમાજમાં આ મહામારીનો વ્યાપ વિશાળ ન બને અને એક સ્વસ્થ સમાજની રચના થાય તેવા ઉમદા આશયને લઈને સુંદર કાર્યક્રમ થયો. આજનો સાંપ્રત સમાજ





જયારે કોરોના મહામારી સાથે સંઘર્ષ કરી રહ્યો છે, ત્યારે સમાજમાં એઈડસ જેવી ગંભીર મહામારી કે જે ખૂબ જ ચેપી તેમજ બે દરકાર અને બે જવાબદાર વર્તન ને કારણે ફેલાઈ સામાજિક કટોકટી સર્જી શકે છે. તેના માટે એક જાગૃતિ કાર્યક્રમનું સફળતા પૂર્વક આયોજન થયું. આ વેબિનારમાં મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો જોડાયા હતા. અધ્યક્ષીય વ્યાખ્યાનમાં સંયોજક શ્રી રમેશભાઈ પટેલએ વિદ્યાર્થીઓ સમક્ષ એઈડસ રોગના ઉદભવ થી લઈ તેનો ફેલાવો કરતા પરિબળો, તેને અનુલક્ષીને પ્રર્વતમાન ગેરમાન્યતાઓ અને તેને રોકવા માટેની તકેદારીઓ વિશે વિસ્તૃત વાત મૂકી હતી. વળી, તેમણે આ મહામારી ફેલાવવાના મૂળમાં અસુરક્ષિત યૌન સંબંધ, અસુરક્ષિત લોહી અને ડ્રગ્સ જેવી કુટેવો જેવા પરિબળો રહેલા છે, તેમ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે જો યોગ્ય જાગૃતિના પગલા નહિ લેવાય તો આ મહામારી ત્રીજા વિશ્વયુદ્ધમાં સંભવિત મહાવિનાશ કરતા વધુ ભયાવહ બની રહેશે. બીજા વક્તા ડો. નયનેશ વસાવા, તબીબી અધિકારીશ્રીએ વિદ્યાર્થીઓને એઈડ્રેસ થવાના કારણો, તેની સારવાર તથા તકેદારી વિષે ખુબ જ સરળ શૈલીમાં વાત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને લગ્ન પૂર્વે જીવન સાથીના એચ.આઈ.વી ટેસ્ટ કરાવશે તેવા શપથ લેવડાવ્યા હતા. ત્રીજા વક્તા ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટ એઈસની બીમારીને કારણે ભોગ બનેલી વ્યક્તિને થતી શારીરિક, માનસિક, અને સામાજિક મુશ્કેલીઓ વિષે ઉદાહરણ ટાંકીને વાત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને યૌવનના જોશમાં બંધાઈ જતા અસુરક્ષિત યૌન સબંધો થી બચવા અને સંયમિત જીવન જીવવાની શીખ આપી હતી. વાસ્તવિક કિસ્સાઓને વણી લઈ તેમણે ભોગ બનેલી વ્યક્તિઓની સામાજિક મુશ્કેલીઓ, અપરાધભાવ, અને સામાજિક બહિષ્કાર ની યાતનાઓ વિષે વાત કરી હતી. વિદ્યાર્થીઓને આ અંગે ખુબ જ તકેદારી રાખવા સમજ આપી હતી. આ સમગ્ર વેબિનારનું આયોજન, સંકલન અને સફળ સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ, મોતીભાઈ દેવએ કર્યું હતું. અંતમાં આભાર વિધિમાં ડૉ.મોતી દેવુએ સૌનો આભાર માની વેબિનાર પૂર્ણ કર્યો હતો.

# ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ‘ભારતીય ભાષા વિશ્વવિદ્યાલય ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રાન્સલેશન એન્ડ ઈન્ટર પ્રીટેશન’ સસ્થાન કમિટીમાં ડો. બળવંતભાઈ જાનીની નિયુક્તિ

ગાંધીનગર, તા. ૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના પૂર્વ પ્રાધ્યાપક અને પૂર્વ અધ્યક્ષ; સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આર્ટ્સ વિદ્યાશાખાના પૂર્વ ડીન;હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ના પૂર્વ કુલપતિ; N.C.T.E. વેસ્ટ ઝોન ના પૂર્વ ચેરમેન; વર્તમાનમાં મધ્યપ્રદેશ ની શ્રી હરિસિંહ ગૌર સાગર સેન્ટ્રલ યુનિવર્સિટીમાં કુલાધિપતિ;અને નવીદિલ્હી માં જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં ફેકલ્ટી સિલેકશનમાં માન. રાષ્ટ્રપતિ ના પ્રતિનિધિ; રાજારામ મોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન ના એક્ઝિક્યુટિવ કમિટી ના મેમ્બર;અને અનેક યુનિવર્સિટીમાં કુલપતિ ઓની નિયુક્તિ માટેની સર્ચ કમિટીના મેમ્બર તરીકે; યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ના વાઈસ ચેરમેન ની નિયુક્તિ માટેની કમિટીમાં મેમ્બર;વર્તમાનમાં ગુજરાત સરકાર ની મેડીકલ અને પેરા મેડીકલ કોર્ષ ની ફી નિર્ધારણ



કમિટી ના મેમ્બર ; વિદ્યા ભારતી અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ના અધિકારી તરીકે જવાબદારી વહન કરતા એવા ડો. બળવંતભાઈ જાનીને ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે દ્વારા સ્થાપિત ‘ભારતીય ભાષા વિશ્વવિદ્યાલય ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રાન્સલેશન એન્ડ ઈન્ટર પ્રી ટેશન’ સંસ્થાન ના ધારા ધોરણો માટે બનાવેલી ૧૧ સભ્યોની ઉચ્ચસ્તરીયસમિતિના સભ્યપદે નિયુક્તિ આપેલ છે.

ડો. બળવંતભાઈ જાની સાથે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ના ચેરમેન સહિત ના નવ સભ્યોએ આગામી ત્રણ માસ ની અવધિમાંજ અહેવાલ તૈયાર કરીને સુપ્રત કરશે.

આ નવરચિત ભારતીય ભાષા વિશ્વવિદ્યાલય ના દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ અનુવાદ; ઈન્ટરપ્રિ ટેશન અને ભારતીય ભાષાઓના અધ્યનઅને સંશોધન માટે અખિલ ભારતીય સ્તર ની સંસ્થાન અસ્તિત્વમાં આવશે.

ડો. બળવંતભાઈ જાની ને સૌરાષ્ટ્ર; ગુજરાત અને ભારતભરમાંથી આ નવી જવાબદારી બદલ અભિનંદન અને શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ રહી હતી.

# ગણપત યુનિવર્સિટીએ આસપાસના ગામડાંઓમાં ‘કોવિડ કેર કિટ’નું નિઃશુલ્ક વિતરણ આરંભ્યું

ગણપત વિદ્યાનગર, તા. ૨

વિદ્યા દ્વારા સમાજ-ઉત્કર્ષનું ધ્યેય ધરાવતી અને પોતાની સામાજિક જવાબદારી સમજીને જ્ઞાન પીરસતી અને મૂલ્યવર્ધિત કેળવણી દ્વારા વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય-નિર્માણનું ઉદાત કાર્ય કરતી ગણપત યુનિ.એ કોવિડ-મહામારીના આ કપરા કાળમાં એક સામાજિક સેવાનું અભિયાન આરંભ્યું છે.

ગણપત યુનિ.ના દાતા-અધિષ્ઠાતા અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપત ભાઈ પટેલ - પૂ. દાદાની પ્રેરણાથી શરૂ થયેલી આ સેવા-ઝૂંબેશમાં ગણપત વિદ્યાનગરની આસપાસના દસ જેટલાં ગામોમાં હોમ-કોરોન્ટાઈન થઈને કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓને શોધીને એમને ગણપત યુનિ. દ્વારા




એક ‘ગુણી કોવિડ-કેર કિટ’ આપવામાં આવશે, જેથી તેઓ કોરોના સામેની લડાઈમાં પૂરી તાકાત સાથે લડીને વિજય પ્રાપ્ત કરી શકે!

નિઃશુલ્ક એવી આ કિટમાં વિવિધ ઔષધો અને અન્ય જરૂરી સામગ્રી મૂકવામાં આવી છે. જેમાં (૧) નાશ લેવાનું મશીન (૨) કપૂર (૩) સૂંઠની ગોળીઓ (૪) હોમિયોપેથી દવાઓ, (૫) માસ્ક, (૬) ઈમ્યુનિટી - વર્ધક ખાખરા, (૭) આયુર્વેદિક ઉકાળો (૮) સેનેટાઈઝર (૯) આમળાનો રસ અને (૧૦) સંશમની વટી.

લગભગ ૫૦૦ જેટલી કિટનું પ્રારંભિક - પહેલા તબક્કામાં વિતરણ કરવા ધારતી ગણપત યુનિ. ડૉકટરની સલાહ હશે તો જરૂરિયાતવાળા દર્દીઓને ઓક્સિજન કીટ પણ વિના મૂલ્યે જ પુરી પાડવા સજ્જ છે.

ગણપત યુનિ. આ કોવિડ-૧૯ સામેની લડાઈમાં કોઈ અન્ય સેવા સંસ્થા કે વ્યક્તિ પણ જોડાવા ઈચ્છતી હોય તો સમાજમાં વધુ ને વધુ દર્દીઓ સુધી આ રાહત પહોંચાડી શકાય, આ માટે મો.નં. ૯૧૦૬૫૯૩૭૬૯ અને મો. નં. ૮૨૩૮૨૪૪૪૩૧ ઉપર સંપર્ક કરવાની વિનંતી કરવામાં આવી છે.

## જન્મદિને વધામણી




પ્રદિપ એ પરમાર



રિતીક પવાર
મો. ૭૭૭૮ ૮૦૨૭૬



આરવ હાર્દિકકુમાર ભટ્ટ



કુશ બ્રિજેશકુમાર રાજદીપ



આરવ શિલ્પેશકુમાર પરમાર



રાજવીરસિંહ એચ. જાડેજા
૯૫૧૦૮૮૭૦૬૫




# એચ.કે. આર્ટ્સ કોલેજ રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા કોરોના મહામારીમાં સેવાકીય પ્રવૃત્તિ




ગાંધીનગર, ત.૨

સતત કોરોના મહામારી સમયે એચ.કે. આર્ટ્સ કોલેજ રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિવિધ વિસ્તારોમાં જઈ સમાજને ઉપયોગી થવા માટે માસ્ક-સેનેટાઈઝ, ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું. ઉપરાંત જરૂર જણાય તે વિસ્તારમાં માસ્ક પહેરો, સામાજિક અંતર જાળવો, વારંવાર હાથ ધુઓ અને સમાજમાં ભયનો માહોલ ન સર્જાય તે માટે પણ પ્રોગ્રામ ઓફિસર મોહનભાઈ પરમાર અને સ્વયંસેવક મિત્રોએ માહિતી આપી હતી.

પ્રોગ્રામ ઓફિસર મોહનભાઈ પરમાર વધુ માહિતી આપતા જણાવે છે કે દત્તક ગામ નાના છાપરા, શેલા ગામ, રણમલગઢ તથા અમદાવાદ શહેરના ઓઢવ, નરોડા, લાલ દરવાજા, આશ્રમરોડ, મીઠાખળી ગામ અને સિંગરવા જેવા વિસ્તારમા તથા વૃદ્ધાશ્રમમાં જઈને કુલ ૪૦૦૦ થી વધુ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું છે અને હજુ પણ ચાલુ છે.

રોગ પ્રતિકારક શક્તિ વધે તે હેતુથી આયુર્વેદિક ઉકાળાનું વિતરણ આશરે ૪૫૦૦ થી પણ વધારે લોકોને કરવામાં આવ્યું. જેમાં અમદાવાદ શહેરના આશ્રમ રોડ ફૂટપાથ, લૉ ગાર્ડન, ગુજરાત કોલેજ, રીલીફ રોડ, ચાંદખેડા, ઓઢવ, નરોડાના રાજીવ નગર, કબીર નગર, સંજીવ નગર અને ચાંદલોડિયા અને દત્તક ગામના પરિવારો, રાહદારીઓ, ટ્રાફીકના જવાનો તથા પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ અને શ્રમકાર્ય કરતા લોકોને કરવામાં આવ્યું.

લોકજાગૃતિ અંગે પણ અમદાવાદના કેટલાક વિસ્તારમાં જઈને માસ્ક પહેરવા અંગે, વારંવાર હાથ ધોવા, સામાજિક અંતર જાળવવું વગેરેની માહિતી આપી અને વિવિધ પોસ્ટર દ્વારા પણ વટવા, નરોડા રેલ્વે સ્ટેશન પાસે, ચાંદલોડિયા તથા દત્તક ગામોમાં જઈને જાગૃતિ લાવવાના પ્રયાસો અમારા સ્વયંસેવક મિત્રો દ્વારા કરવામાં આવ્યા.



એસ.એસ.વી કેમ્પસ, સેક્ટર-૩, ગાંધીનગરમાં બાળકોએ દેવ દિવાળીની ઓનલાઈન ઉજવણી કરી તોરણ બનાવ્યા અને પોટ ડેકોરેશન કર્યું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.